

## હા... સાહેબ !

"કેમ આજકાલ શું ટેન્શનમાં છો..."

"ના... સાહેબ... ના કોઈ ટેન્શન નથી પણ ચિંતા સતાવે છે... કે રાજકારણીની તો રોજ ખોદીએ છીએ પણ સમાજ તરીકે આપણે ક્યાં છીએ..."

"ઓ.. હ... ખરું ચિંતન કરો છો... પણ સાચી વાત છે તમારી... મને પણ એવું જ કંઈક લાગે છે કે આપણે ક્યાં હતા અને ક્યાં પહોંચ્યા..."

"સાહેબ.. વાત ન પૂછો. બે પૈસા કમાયા નથી કે મા-બાપને ધુત્કાર્યા નથી... ઘર આગળ ગાડી આવે એટલે રૂઆબનો પારો અદ્ધર ચઢે.... અરે સાહેબ શરમથી માથુ ઝુકી જાય છે. એક દિકરો બાપને કહે સમય નથી ત્યારે કાળને કહેવાનું મન થાય થંભી જા હવે..."

"ખૂબ સાચી વાત છે. આ મારી, તમારી કે પાડોશીઓની વાત નથી પણ સમગ્ર સમાજ પીડામાં પિસાઈ રહ્યો છે..."

"પીડા.. એટલે...!"

"...એટલે જે થવું જોઈએ એ થાય નહી કે કરવું જોઈએ એ કરી ન શકાય. જેવું જીવવું જોઈએ એવું ન જીવાય ત્યારે સર્જાય છે માત્ર ને માત્ર પીડા..."

"ના સમજાયું... જીવન ધોરણો ખૂબ ઉંચા થઈ ગયા છે. ઘેર ઘેર ટી.વી., એ.સી. અને ગાડી, તેમ છતાં પીડાના રોદણાં રુઓ છો...?"

"હા, સાહેબ.... હા... આ માનસિક પીડા છે. મોટી મોટી ગાડીઓ લેવાથી જીવનમાં સુખી નથી થવાતું. ઘરમાં એ.સી. નંખાવાથી મનની ઠંડક પામી શકાતી નથી અને મોટા મોટા ટી.વી.થી પરિવારની ખુશી નથી માણી શકાતી... આ બધુ સમય અને સમજણથી મળે છે.."

"હા... હા... હા... તમારી વાત થોડી ગળે ઉતરી પણ કેમ આવી પીડા ઉભી થઈ અને કેમ કોઈ સમજતું નથી...? અને આમ આ રઝળપાટ ક્યાં સુધી..."

"ખુબ સિમ્પલ છે વાત... પૈસા, પદ અને પ્રતિષ્ઠા મેળવવાની લ્હાયમાં જીવન જીવવાનું જ માણસ ભૂલતો જાય છે... મેળવે છે એનાથી દસ ગણું ગુમાવે છે..."

'હં... એટલે અર્થ એવો થયો કે ભર્યો ભર્યો લાગતો માણસ ખાલીખમ છે... ભારે ભીડમાં એકલો જ છે..."

'સો ટકા... એવું જ છે સાહેબ... ભૌતિક સુવિધાઓ જીવનને શાંતિ નથી આપી શકતી એ સમજણ સાવ ભૂંસાઈ ગઈ છે. સંવેદનશીલતા તળીએ છે... અને માણસ કોરોકટ્ટ છે... ખાલીખમ્મ છે... કશુંક ઝંખે છે... શું ઝંખે છે એ એનેય ખબર નથી... લક્ષ્ય વિના દોડે છે.. બળાપો કાઢે, રોદણાં રડે છે અને પદ-પ્રતિષ્ઠાના લીંપણ કરે છે..."

"ઓહો... તમે તો આખો એક્ષ-રે રિપોર્ટ કાઢી લીધો..."

"સાહેબ... એક્ષ-રેની જરૂર નથી. નરી આંખે દેખાય છે, અનુભવાય છે... એક જ ઘરમાં ચાર જણા બેઠા હોય પરંતુ બધા પોતપોતાના મોબાઈલમાં વ્યસ્ત... કયો સંબંધ, કેવો સંબંધ...? આ બધા પ્રશ્નો પીડાના જન્મદાતા છે..."

'માની ગયા... સાહેબ, તમારી ચિંતા અને ચિંતન ખૂબ જ

● અનુસંધાન પાન-૭ પર



વાદળોથી આકાશ ઘેરાયું....

# જિલ્લામાં હજુ ચોમાસુ આવવાને એક સપ્તાહની વાર છે : ખેતીવાડી વિભાગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં વરસાદ માટે હજુ પણ એક સપ્તાહ જેટલો સમય રાહ જોવી પડશે તેવા સંકેતો જિલ્લા ખેતીવાડી તંત્ર એ ખેડૂતો માટે જારી કરેલ એડવાઈઝરીમાં આવ્યા છે.

ખેડૂતોને વાવણી માટે સલાહ આપતી આ માર્ગદર્શક સુચનાઓ હવામાન વિભાગની આગાહીને ધ્યાને રાખી આપવામાં આવતી હોય છે.

આ સૂચનાઓમાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની સંભાવના નથી. મહત્તમ તાપમાન ૪૦-૪૨ ડિગ્રી સોલ્સીયસ જયારે લઘુત્તમ તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સેલ્સીયસની આસપાસ રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૪ થી ૬૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૫ થી ૨૩ કિમી પ્રતિ કલાક રહેવાની શકયતા છે.

આ આગાહીને પગલે ખેડૂતોએ વાવણી માટેનું જરુરી પ્રમાણિત બિયારણ અને ખાતર હાથવગું કરી લેવું. બિયારણને વાવતાં પહેલાં ફુગનાશક દવાનો પટ અવશ્ય આપવો તેવી સલાહ આપવામાં આવી છે.

જમીનમાં ભેજનું પ્રમાણ વધે તે માટે જમીનને લેવલ કરવી અને સમતલ પાળા બાંધવા પણ જણાવાયુ છે. જમીનમાં ઉંડી એડ કરવી જેથી રોગ અને જીવાતના અવશેષો ખુલ્લા થતાં સૂર્ય તાપમાં નાશ પામશે.

ખેતીવાડી તંત્ર એ કપાસ, મગફળી, બાજરી અને શાકભાજીના વાવેતરને લઈ પણ આ માર્ગદર્શક સૂચનાઓમાં કેટલીક મહત્વની જાણકારીઓ આપી છે.

# જિલ્લામાં વધુ ૭૪૧ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે વિવિધ ટીમો દ્વારા ૭૪૧ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢવામાં આવ્યા હતા.

જિલ્લા મેલેરિયા તંત્રની ટીમો દ્વારા આ સપ્તાહ દરમિયાન ૬૨૦૦થી વધુ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ શોધી એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. મેલેરિયા વિરોધી માસની હાલ ઉજવણી પણ ચાલી રહી છે.

આજે મળી આવેલા આ બ્રિડીંગ સ્થાનો પર તંત્રની ટીમો દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ દરી તેનો નાશ કરવામાં આવ્યો હતો.

તંત્રની ટીમોએ આજે તાવના પણ વધુ ૧૨૧ હેસ શોધી કાઢ્યા હતા. આ દર્દીઓના લોહીના નમૂના લઈ તેને પરિક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

ટીમ દ્વારા આજે ૧,૪૨,૭૮૦ લોકોને અને ૨૮,૨૦૩ ઘરોને સર્વેલન્સમાં આવરી લીધા હતા. આ સાથે જિલ્લામાં અંદાજે ૯૮ ટકા કામગીરી સંપન્ન થઈ છે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૧૩૦૦થી વધુ મલ્ટીપરપઝ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, આશા બહેનો જોડાઈ હતી જે ઉલ્લેખનીય છે.

## તાલુકા પંચાયતની બેઠકને પગલે કોંગ્રેસની બેઠક ૧૧મીએ મળશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર તાલુકા પંચાયતની ૧૫મીએ મળનારી સામાન્ય સભાની બેઠકને લઈ જિલ્લા કોંગ્રેસના મોવડીઓની ઉપસ્થિતિમાં સોમવારે મહત્વની બેઠક મળનાર છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં કોંગ્રેસના જે ૬ સભ્યો ગેરહાજર રહ્યા હતા તેમની સાથે સમાધાન કરવાની બાબત તેમજ કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચનાને લઈ પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો ગાંધીનગર તાલુકા કોંગ્રેસના આગેવાનોએ માણસામાં પ્રદેશ પ્રમુખશ્રી ચાવડાની મુલાકાત લઈ અને આ મામલે દરમિયાનગીરી કરવા જણાવ્યું હતું. ત્યારે તેમણે આ મુદ્દે જિલ્લા સમિતિએ નિર્ણય કરી આગળ વધવું જોઈએ તેવું માર્ગદર્શન આપ્યું હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજય સરકારે પ્રવેશોત્સવમાં ગિયર બદલ્યો

**માધ્યમિક શિક્ષણમાં ૨૦ ટકાથી વધુ ડ્રોપ આઉટ ધરાવતા તાલુકાઓમાં વિશેષ ધ્યાન અપાશે : પ્રવેશોત્સવના મુખ્ય કાર્યક્રમો માધ્યમિક શાળાઓમાં તેમાં પણ ધો-૮ થી ૯માં પ્રવેશ મેળવનાર બાળકોનો જ યોજાશે**

ગાંધીનગર, તા.૯

રાજય સરકારે પ્રવેશોત્સવમાં આ વખતે ગિયર બદલ્યો છે અને માધ્યમિક શિક્ષણમાં ૨૦ ટકાથી વધુ ડ્રોપ આઉટ ધરાવતા તાલુકાઓમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ૨૦ ટકાથી વધુ બાળકો ધો-૮ પછીનું શિક્ષણ છોડી દેતા જણાયા છે. રાજય સરકારે આ માટે જે ૧૨૧ તાલુકાઓ ઓળખી કાઢયા છે તેમાં કલોલ તાલુકાનો સમાવેશ થાય છે.

શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ તાજેતરમાં કરેલ પ્રવેશોત્સવની વિડીયો કોન્ફરન્સમાં પણ રાજયકક્ષાએથી આવતા અધિકારીઓને આવા તાલુકાઓમાં રૂટો ફાળવવા માટે જણાવ્યું છે. માધ્યમિક શાળાઓમાં જ પ્રવેશોત્સવના કાર્યક્રમની ઉજવણી કરવાની રહેશે તેવી સ્પષ્ટ સૂચના આપી છે. અધિકારીએ દિવસની ત્રણ શાળાઓમાં પ્રવેશોત્સવ માટે જવાનું રહેશે. જેમાં બે માધ્યમિક શાળા અને એક પ્રાથમિક શાળાનો સમાવેશ કરાશે. જો બે માધ્યમિક શાળા ન હોય તો એક માધ્યમિક શાળા અને બે પ્રાથમિક શાળા તેમજ ૩ કિમીની અંદર પણ માધ્યમિક શાળા ન હોય તો ત્રણેય પ્રાથમિક શાળા પ્રવેશોત્સવ માટે અધિકારીએ જવાનું રહેશે.

મળતી વિગતો પ્રમાણે રાજય સરકારે પ્રાથમિક શિક્ષણ પછી માધ્યમિક શિક્ષણ પર તેનું ધ્યાન પહેલીવાર કેન્દ્રીત કર્યું છે. એમાં પણ જિલ્લા કચેરીઓ પાસેથી માધ્યમિક શાળાઓના ગ્રેડીંગ અંગેની વિગતો માંગી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com